# ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં ઈન્ડિયા એ ટીમમાં ઘાયલ પંતના સ્થાને કુશાગ્રનો સમાવેશ

**ઋષભ** પંત સ્નાયુ ખેંચાઇ જવાના કારણે ઇન્ડિયા-એના ન્યૂઝીલેન્ડ પ્રવાસની પ્રથમ બે મેચમાંથી બહાર



નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ આજે સોમવારે અહીં જણાવ્યું હતું કે ઘાયલ ઋષભ પંતના સ્થાને વિકેટકીપર-બેટ્સમેન કુમાર કુશાગ્રાને આજે સોમવારે ન્યૂઝીલેન્ડ પ્રવાસની પ્રથમ બે મેચ માટે ઈન્ડિયા એ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. ઈરાની કપમાં રેસ્ટ ઓફ ઈન્ડિયાનું નેતૃત્વ કરનાર પંત સ્નાયુઓમાં ખેંચાણના કારણે પહેલી બે મેચમાંથી બહાર થઈ ગયો છે.

પ્રવાસ માટે પંતની ઉપલબ્ધતા તેની ફિટનેસ પર આધારિત હતી. બીસીસીઆઈએ કહ્યું કે તે બોર્ડની મેડિકલ ટીમની દેખરેખ હેઠળ હતો અને તેની તબિયત સારી થઈ રહી હતી. બીસીસીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ત્રીજી મેચ માટે તેની ઉપલબ્ધતા અંગેનો નિર્ણય પછીથી લેવામાં આવશે. પંતની ઈજા શરૂઆતમાં અંદાજ કરતાં વધુ ગંભીર લાગે છે. પુરુષ પસંદગી સમિતિએ પ્રથમ બે મેચ માટે પંતની જગ્યાએ કુશાગ્રનો ટીમમાં સમાવેશ કર્યો છે.

ધ્રુવ જુરેલ ભારત A ટીમનું નેતૃત્વ કરશે અને વિકેટકીપિંગની જવાબદારી પણ સંભાળશે. ટીમમાં યશસ્વી જયસ્વાલ, લોકેશ રાહુલ અને વોશિંગ્ટન સુંદર જેવા અનુભવી ખેલાડીઓ તેમજ દેવદત્ત પડિકલ અને સાઈ સુદર્શનનો પણ સમાવેશ થાય છે.

**ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ઈન્ડિયા A ટીમ**

યશસ્વી જયસ્વાલ, લોકેશ રાહુલ, દેવદત્ત પડિકલ, રવિચંદ્રન અશ્વિન, ધ્રુવ જુરેલ (કેપ્ટન), વોશિંગ્ટન સુંદર, આકિબ નબી, આકાશ દીપ, અંશુલ કંબોજ, માનવ સુથાર, મુકેશ ચૌધરી, સાઈ સુદર્શન, યશ રાઠોડ અને કુમાર કુશાગ્ર (પ્રથમ બે મેચ).

# ઈંગ્લેન્ડે ઝેક ક્રાઉલી, લ્યુક વુડને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર મૂક્યા

**2026-27** માટે રોબિન્સન, બેન્ટન, કૂક સહિતના આઠ નવા ખેલાડીઓને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ મળ્યા



લંડન, તા. 12 : ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઇસીબી)એ તેના કોન્ટ્રાક્ટેડ ગ્રુપને 30 થી વધારીને 39 ખેલાડી સુધી વિસ્તાર્યું છે, 2026-27 સીઝન માટે ઈંગ્લેન્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી ઝેક ક્રાઉલીને બહાર કરવામાં આવ્યો છે. વિસ્તૃત યાદીમાં 30 સંપૂર્ણ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ અને નવ ડેવલપમેન્ટ ડિલનો સમાવેશ થાય છે, જેમાં મેનેજમેન્ટને પ્રભાવિત કરનારા આઠ ખેલાડીઓએ નવા સંપૂર્ણ કોન્ટ્રાક્ટ મેળવ્યા છે.

કાઉલી અને ડાબોડી સીમર લ્યુક વુડ એવા સિનિયર ખેલાડીઓ છે જેમના કરાર રિન્યુ કરવામાં આવ્યા નથી. ઓસ્ટ્રેલિયામાં એશિઝ સીરિઝમાં નિરાશાજનક પ્રદર્શન બાદ ક્રાઉલીને ટીમમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી બેન સ્ટોક્સ અને માર્ક વુડની નિવૃત્તિથી ઈસીબી માટે આ યાદીને વિસ્તૃત કરવા માટે ભંડોળ રિલિઝ થયું છે.

નવા સંપૂર્ણ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ મેળવનારા આઠ ખેલાડીઓમાં ઓલી રોબિન્સન, ટોમ બેન્ટન, સેમ કૂક, એમિલિયો ગે, મેથ્યુ ફિશર, ડેન લોરેન્સ, જોર્ડન કોક્સ અને હેનરી ક્રોકોમ્બનો સમાવેશ થાય છે. રોબિન્સન ગ્રુપમાંથી એકમાત્ર એવો ખેલાડી છે જેણે અગાઉ 2022 અને 2023 માં કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ક્રોકોમ્બ અને કોક્સે બે વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જ્યારે અન્ય છ ખેલાડીઓએ એક વર્ષનો કરાર મેળવ્યો છે.

## સિમોન્સ, ફોસ્ટર CSK છોડી ઇંગ્લેન્ડની ટેસ્ટ ટીમના કોચિંગ સ્ટાફમાં જોડાયા

**ઈંગ્લેન્ડની** ટેસ્ટ ટીમના કોચ તરીકે સ્ટીફન ફ્લેમિંગની નિમણૂંક બાદ તેમણે પોતાના બે સાથીને પણ તેમાં જોડ્યા



નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ) : ચેન્નાઈ સુપર કિંગ્સના બોલિંગ કોચ એરિક સિમોન્સ અને ફિલ્ડિંગ કોચ જેમ્સ ફોસ્ટરે આઈપીએલ ફ્રેન્ચાઈઝી છોડીને ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમના બેકરૂમ સ્ટાફમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. નેશનલ ટીમના હેડ કોચ તરીકે સ્ટીફન ફ્લેમિંગની નિમણૂક બાદ આ ફેરફાર કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે સોમવારે આ નિમણૂકોની પુષ્ટિ કરી હતી. સિમોન્સને ઈંગ્લેન્ડના ટેસ્ટ બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે માજી વિકેટકીપર ફોસ્ટર ફ્લેમિંગના સપોર્ટ સ્ટાફનો હિસ્સો બનશે.આ નિમણૂકો ફ્લેમિંગ દ્વારા જુલાઈમાં ચેન્નાઈ સુપર કિંગ્સના હેડ કોચ પદેથી રાજીનામું આપ્યા બાદ થઈ છે, જેનાથી પાંચ વખતની આઈપીએલ ચેમ્પિયન સાથેની તેમની 18 વર્ષની લાંબી સફરનો અંત આવ્યો હતો. ફ્લેમિંગ હવે ઈંગ્લેન્ડની રેડ-બોલ ટીમનું માર્ગદર્શન કરશે, જ્યારે બ્રેન્ડન મેક્કુલમ વાઈટ-બોલ હેડ કોચ તરીકે ચાલુ રહેશે. સિમોન્સ અને ફોસ્ટરે ચેન્નાઈ સુપર કિંગ્સમાં ફ્લેમિંગ સાથે કામ કર્યું હતું અને હવે ઈંગ્લેન્ડની ટીમમાં ફરીથી તેની સાથે જોડાશે.

# બળાત્કાર કેસમાં જામીન પછી રણજીમાં સદી ફટકારી અભિષેક પોરેલ રડી પડ્યો

કલ્યાણી, તા. 12 : બળાત્કાર અને ગુનાહિત ધાકધમકી સાથે સંકળાયેલા કેસમાં જામીન મળ્યાના અઠવાડિયા પછી બંગાળના વિકેટકીપર-બેટર અભિષેક પોરેલે આજે સોમવારે અહીં દિલ્હી સામે રણજી ટ્રોફી સીઝનના ઓપનરના બીજા દિવસે સદી ફટકારી હતી. આજના દિવસના અંતિમ સત્રમાં ત્રણ આંકડા સુધી પહોંચ્યા પછી, 23 વર્ષીય ખેલાડી ઘૂંટણિયે બેસીને રડી પડ્યો. તેણે થોડીક સેકન્ડનો સમય લીધો અને ફરીથી ઉભા થઈને પોતાનું બેટ ઊંચું કર્યું અને ડ્રેસિંગ રૂમ અને તેના સાથી ખેલાડીઓ તરફથી તાળીઓનો ગડગડાટ સ્વીકાર્યો હતો. બંગાળની ટીમમાં સામેલ પોરેલને સપ્ટેમ્બરમાં ચિનસુરાહ કોર્ટ દ્વારા જામીન મળ્યા પછી તેણે સ્પર્ધાત્મક ક્રિકેટમાં વાપસી કરીને સદી ફટકારી છે.



## રણજી ટ્રોફી રાઉન્ડ અપ

### ઓડિશાના 324 રન સામે ગુજરાતે બે વિકેટે 205 રન બનાવ્યા

અમદાવાદ : ગ્રુપ સીની અહીં રમાતી એક મેચમાં આજે સોમવારે ઓડિશાના 324 રનના સ્કોરના જવાબમાં ગુજરાતે બે વિકેટે 205 રન બનાવી લીધા હતા. ઓપનર આર્ય દેસાઇ અને વેદાંત ત્રિવેદી બંનેએ 94-94 રનની ઇનિંગ રમીને ગુજરાતને મજબૂત શરૂઆત અપાવી હતી. દેસાઇએ 107 બોલની પોતાની ઇનિંગમાં 11 ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા, જ્યારે ત્રિવેદીએ 160 બોલની નોટઆઉટ ઇનિંગમાં 11 ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો. ગુજરાત ઓડિશાના પ્રથમ દાવના સ્કોરથી 119 રન પાછળ છે અને તેની આઠ વિકેટ બાકી હતી.

### જાડેજા-માંકડની સદીઓથી છત્તીસગઢ સામે સૌરાષ્ટ્ર મજબૂત

રાજકોટ : રણજી ટ્રોફી ગ્રુપ બીની અન્ય એક મેચમાં સૌરાષ્ટ્રએ રવિન્દ્ર જાડેજા (102) અને પ્રેરક માંકડ (129) ની ઇનિંગ્સની મદદથી 392 રન બનાવ્યા હતા, જેની સામે આજે સોમવારે બીજા દિવસે રમતના અંતે છત્તીસગઢે ત્રણ વિકેટે 122 રન બનાવ્યા હતા. સ્ટમ્પ સમયે અનુજ તિવારી 72 જ્યારે મયંક વર્મા 32 રને ક્રિઝ પર હતા. છત્તીસગઢની ટીમ હજુ સૌરાષ્ટ્રના સ્કોરથી 270 રન પાછળ છે.

### ગોવા સામે બરોડાએ આઠ વિકેટે 472 રને દાવ ડિકલેર કર્યો

પણજી : રણજી ટ્રોફી એલીટ ગ્રુપ એની અહીં રમાતી એક મેચમાં બરોડાએ પોતાનો પહેલો દાવ આઠ વિકેટે 472 રન પર ડિકલેર કર્યો હતો, જેની સામે દિવસના અંતે ગોવાએ પાંચ રનમાં એક વિકેટ ગુમાવી દીધી હતી અને હજુ તેઓ બરોડાના સ્કોરથી 467 રન પાછળ છે. ગોવાએ ઇનિંગના પહેલા જ બોલમાં સુયશ પ્રભુદેસાઈની આઉટ ગુમાવી દીધી. રમતના અંતે શિવેન્દ્ર ભુજબળ પાંચ રને અને દર્શન મિસાલ શૂન્ય રને ક્રિઝ પર હતા.

### દેશપાંડેની હેટ્રિક સહિત પાંચ વિકેટથી મુંબઈએ ચંદીગઢ પર સકંજો કસ્યો

મુંબઈ : રણજી ટ્રોફી ગ્રુપ ડી મેચના આજે સોમવારે બીજા દિવસે ઝડપી બોલર તુષાર દેશપાંડેએ શાનદાર બોલિંગ પ્રદર્શન કરતા ચંદીગઢનો પ્રથમ દાવ માત્ર ૭૮ રનમાં સમેટાઇ ગયો હતો. પ્રથમ દાવમાં 429 રનનો મજબૂત સ્કોર કરનારા મુંબઈએ 351 રનની સરસાઇ મેળવીને ચંદીગઢને ફોલોઓન કર્યું હતું. બીજા દાવમાં ચંદીગઢે શૂન્ય રને એક વિકેટ ગુમાવી દેતા તેમના પર દબાણ વધ્યું હતું. આ પહેલા મુંબઈએ નીચલા ક્રમના બેટ્સમેનોના ઉપયોગી યોગદાનથી 429 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

### ઘરામી, પોરેલની સદીથી દિલ્હી સામે બંગાળ મજબૂત સ્થિતિમાં

કલ્યાણી : રણજી ટ્રોફી ગ્રુપ સી મેચના આજે સોમવારે બીજા દિવસે મધ્યક્રમના બેટ્સમેન સુદીપ કુમાર ઘરામી અને વિકેટકીપર અભિષેક પોરેલે નોટઆઉટ સદી ફટકારતા દિલ્હી સામે બંગાળે પોતાની સ્થિતિ મજબૂત બનાવી હતી. રવિવારે દિલ્હીને પ્રથમ ઇનિંગમાં 240 રનમાં ઓલઆઉટ કર્યા બાદ, આજે સોમવારે રમતના અંતે બંગાળે પ્રથમ ઇનિંગમાં ત્રણ વિકેટે 304 રન બનાવ્યા હતા. ઘરામી 221 બોલમાં 122, જ્યારે પોરેલે 161 બોલમાં અણનમ 114 રન બનાવ્યા હતા. બંનેએ ચોથી વિકેટ માટે 199 રનની નોટઆઉટ ભાગીદારી કરીને બંગાળને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું.

### જમ્મુ-કાશ્મીરની 120 રનમાં ઓલઆઉટ, મધ્યપ્રદેશની 135 રનની સરસાઇ

શ્રીનગર : રણજી ટ્રોફી એલીટ ગ્રુપ એ મેચમાં ગત ચેમ્પિયન જમ્મુ અને કાશ્મીરની ટીમ તેમની પહેલી ઇનિંગમાં 120 રનમાં ઓલઆઉટ થઈ ગયા પછી મધ્યપ્રદેશે આજે સોમવારે બીજા દિવસે ચાર વિકેટે 59 રન બનાવીને કુલ 135 રનની સરસાઇ મેળવી હતી. જમ્મુ-કાશ્મીરે પહેલા દિવસે મધ્યપ્રદેશને 196 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું પરંતુ ટીમ તેના બોલરોના પ્રદર્શનનો લાભ ઉઠાવી ન શકતા 120 રનમાં ઓલઆઉટ થઇ હતી.

### શિખર, આદિત્ય, વિરાટની સદીથી ઝારખંડનો કેરળ સામે 587 રનનો વિશાળ સ્કોર

જમશેદપુર : રણજી ટ્રોફી ગ્રુપ સીની અહીં રમાઇ રહેલી અન્ય એક મેચના આજે સોમવારે બીજા દિવસે ઝારખંડે કેરળ સામે પ્રથમ ઇનિંગ્સમાં 587 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, જેમાં ઓપનર શિખર મોહન (143), આદિત્ય સિંહ (147) અને કેપ્ટન વિરાટ સિંહ (108) ની સદીનો સમાવેશ થતો હતો. બીજા દિવસની રમત પૂરી થતાં ઝારખંડનો પહેલો દાવ સમાપ્ત થયો હતો. ઝારખંડે દિવસની શરૂઆત પાંચ વિકેટે ૨૮૯ રનથી કરી હતી.

# ઝ્વેરેવ બન્યો રેન્કિંગમાં નંબર વન, બોરિસ બેકર પછી પહેલો જર્મન ખેલાડી

**અલકારાઝની** હાર અને સિનર ઘાયલ હોવાથી ઝ્વેરેવ વર્ષાંતે રેન્કિંગમાં નંબર વન બન્યો

**એલેક્ઝાન્ડર** ઝ્વેરેવ વર્ષાંતે નંબર વન જાહેર થનારો સૌથી વધુ વય ધરાવતો ખેલાડી



શાંઘાઈ, તા. 12 (પીટીઆઈ) : એલેક્ઝાન્ડર ઝ્વેરેવે સોમવારે વર્ષાંતે નંબર વન રેન્કિંગ પર કબજો જમાવી લીધો છે, આ શાનદાર વર્ષમાં પોતાના પહેલા બે ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતવા સાથે તેણે આ સિદ્ધિ હાંસલ કરી છે અને તે જે 1991માં બોરિસ બેકર પછી એટીપી રેન્કિંગમાં ટોચ પર પહોંચનાર પ્રથમ જર્મન ખેલાડી બન્યો છે. બેકર આ સ્થાન મેળવનાર એકમાત્ર જર્મન ખેલાડી હતો, જેણે 1991માં કુલ 12 અઠવાડિયા સુધી બે વાર રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું.

એટીપી ટૂર દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, .ાનિક સિનરની સિઝન-એન્ડિંગ ઈજાના કારણે 29 વર્ષીય ઝ્વેરેવ પ્રથમ વખત આ વર્ષાંત સન્માન મેળવનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બનશે. ઝ્વેરેવ હાલમાં નંબર-ટુ પર છે પરંતુ આવતા મહિને સિઝન પૂરી થાય તે પહેલાં નંબર-વન પર રહેલા સિનરને પાછળ છોડી દેશે. શાંઘાઈ ખાતે રમાયેલી મેચમાં જ્યારે નંબર-3 કાર્લોસ અલ્કારાઝ ઝિઝૌ બર્ગ્સ સામે હારી ગયા, ત્યારે ઝ્વેરેવનું નંબર-વન પર પહોંચવાનું નિશ્ચિત થઈ ગયું હતું.

ઝ્વેરેવે આ વર્ષે ફ્રેન્ચ ઓપન અને યુએસ ઓપનનું ટાઈટલ જીત્યા હતા અને ઓસ્ટ્રેલિયન ઓપનની સેમિફાઈનલ તેમજ વિમ્બલડનના ફાઈનલ સુધી પહોંચ્યો હતો. આ વર્ષ પહેલાં તેના શ્રેષ્ઠ ગ્રાન્ડ સ્લેમ પરિણામો ત્રણ ફાઈનલ સુધીના હતા. ઝ્વેરેવે જણાવ્યું હતું કે પેરિસ અને ન્યુ યોર્ક જીતીને આ સિઝનને યાદગાર બનાવવી અને વર્ષના અંતે રેન્કિંગમાં ટોચ પર રહીશ તે જાણીને મારું સ્વપ્ન સાકાર થયા જેવું લાગે છે.

## શાંઘાઈ માસ્ટર્સમાં ઝિઝુ બર્ગ્સે અકારાઝને હરાવી અપસેટ કર્યો

**ડેનીલ** મેદવેદેવ, ફેલિક્સ ઓગર-એલિયાસિમે પણ આગેકૂચ કરી, સિત્સીપાસે ફિટ્ઝને હરાવ્યો



શાંઘાઈ, તા. 12 : બેલ્જિયમના ટેનિસ ખેલાડી ઝિઝુ બર્ગ્સે સોમવારે શાંઘાઈ માસ્ટર્સમાં બીજા ક્રમાંકિત કાર્લોસ અકારાઝને 7-5, 7-6થી હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. બર્ગ્સે તેની કારકિર્દીની સૌથી મોટી જીત નવમી એસ ફટકારીને મેળવી હતી. આ બંને ખેલાડીઓ વચ્ચે ટૂર પર આ બીજી જ મુલાકાત હતી અને બર્ગ્સની આ પ્રથમ જીત છે. એટીપી 1000 ટેનિસ સ્પર્ધાના રાઉન્ડ ઓફ 32ની આ મેચમાં બર્ગ્સે 24 વિનર્સ ફટકાર્યા હતા, જ્યારે અકારાઝ માત્ર 16 વિનર્સ ફટકારી શક્યો હતો.

આ ઉપરાંત અન્ય મુકાબલાઓમાં પાંચમા ક્રમાંકિત ડેનીલ મેદવેદેવે ડાલીબોર સ્વર્ચિનાને 6-2, 6-3થી સરળતાથી હરાવ્યો હતો. ચોથા ક્રમના ફેલિક્સ ઓગર-એલિયાસિમે પાબ્લો કારેનો બુસ્ટાને 6-3, 4-6, 6-1થી હરાવ્યો હતો અને સ્ટીફાનોસ સિટીપાસે એક સેટથી પાછળ રહ્યા બાદ પુનરાગમન કરીને 11મા ક્રમના ટેલર ફ્રિટ્ઝને 3-6, 7-5, 6-3થી પરાજય આપ્યો હતો.

# દક્ષિણ આફ્રિકાને ઘરઆંગણે પછડાટ આપવાથી ઓસ્ટ્રેલિયા છ વિકેટ દૂર

**પ્રથમ** ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ મૂકેલા 421 રનના લક્ષ્યાંક સામે યજમાન ટીમનો સ્કોર ચાર વિકેટે 102 રન

ડરબન, તા. 12 : અહીં રમાઇ રહેલી પ્રથમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ પોતાનો બીજો દાવ છ વિકેટે 314 રને ડિકલેર કરીને મૂકેલા 421 રનના લક્ષ્યાંક સામે આજે ચોથા દિવસે યજમાન દક્ષિણ આફ્રિકાનો સ્કોર ચાર વિકેટના ભોગે 102 થયો હતો. સ્ટમ્પ સમયે માર્કરમ 45 રને રમતમાં હતો અને યજમાન ટીમ હજુ લક્ષ્યાંકથી 319 રન પાછળ છે અને તેમની પર પરાજયનો ભય તોળાયો છે. બેટિંગમાં પોતાની કમાલ બતાવનારા મેટ રેનશોએ પોતાની પ્રથમ ટેસ્ટ વિકેટ તરીકે તેમ્બા બવુમાનો શિકાર કરીને દિવસનો અંત કર્યો હતો અને તેને પગલે ઓસ્ટ્રેલિયાએ સીરિઝની પ્રથમ ટેસ્ટ જીતવા ભણી મજબૂત આગેકૂચ કરી હતી અને યજમાન ટીમને તેમના ઘરઆંગણે પછડાટ આપવાથી તેઓ માત્ર છ વિકેટ દૂર છે. દક્ષિણ આફ્રિકા માટે હાર ટાળવાની શક્યતા ઓછી છે, અને તેમનો બધો મદાર માર્કરમ પર ટકેલો છે.

# ભારતીય ટેનિસ ખેલાડી માયાએ સાનિયાનો 22 વર્ષ જૂનો રેકોર્ડ તોડયો

**W35** લાગોસ ટુર્નામેન્ટ જીતીને 17 વર્ષિય માયા પ્રોફેશનલ ટાઇટલ જીતનારી સૌથી નાની વયની ભારતીય બની



નવી દિલ્હી, તા. 12 : ઉભરતી ભારતીય ટેનિસ ખેલાડી માયા રાજેશ્વરને પોર્ટુગલમાં W35 લાગોસ ટુર્નામેન્ટમાં સીધા સેટમાં વિજય નોંધાવીને પોતાનું પહેલું પ્રોફેશનલ ટાઇટલ જીત્યું હતું. ક્વોલિફાયર તરીકે ટુર્નામેન્ટમાં પ્રવેશ કરનારી માયાએ રવિવારે રમાયેલી ફાઈનલમાં સ્પેનની સેલિયા સર્વિનો રુઇઝને 6-4, 6-2થી હરાવી હતી.

આ જીત સાથે, સાનિયા મિર્ઝાનો 22 વર્ષ જૂનો સૌથી નાની વયે પ્રોફેશનલ ટાઇટલ જીતવાનો રેકોર્ડ માયાએ તોડ્યો હતો. સાનિયા મિર્ઝાએ 2004 માં 17 વર્ષ અને 10 મહિનાની ઉંમરે નાઇજીરીયાના લાગોસમાં આ સિદ્ધિ મેળવી હતી.

જ્યારે માયાએ W35 લાગોસ ટુર્નામેન્ટ 17 વર્ષ ત્રણ મહિનાની વયે જીતીને પ્રોફેશનલ સિંગલ્સ ટાઇટલ જીતનાર સૌથી નાની ઉંમરની ભારતીય ખેલાડી બની ગઈ છે. માયાએ યુક્રેનની યેલિઝાવેટા કોટલ્યાર સાથે ડબલ્સ ટાઇટલ પણ જીત્યું હતું.

સિંગલ્સમાં તેણે એક પણ સેટ ગુમાવ્યો નહીં, તેણે પહેલા રાઉન્ડમાં ટોચની ક્રમાંકિત જસ્ટિના મિકુલસ્કાઇટને હરાવીને પોતાના ઈરાદા જાહેર કરી દીધા હતા. માયાએ સ્પેનના મેલોર્કામાં રાફેલ નડાલ એકેડેમીમાં પણ તાલીમ લીધી. ત્યારબાદ તે ફ્રાન્સના કાન્સમાં એલિટ ટેનિસ સેન્ટરમાં ગઈ. માયા રાજેશ્વરન હવે કાન્સમાં રહે છે અને તાલીમ લે છે અને આ શહેર પહેલાથી જ તેને સફળતા અપાવી ચૂક્યું છે.

## વિનુ માંકડ ટ્રોફીમાં દિલ્હી સામે કર્ણાટક વતી અન્વય દ્રવિડની તોફાની બેટિંગ

નવી દિલ્હી, તા. 12 : માજી ભારતીય કેપ્ટન અને મુખ્ય કોચ રાહુલ દ્રવિડનો પુત્ર અન્વય દ્રવિડ હાલમાં પોતાની આક્રમક બેટિંગ શૈલીથી ચર્ચામાં છે. વિનુ માંકડ ટ્રોફીમાં કર્ણાટકનું નેતૃત્વ કરી રહેલા 17 વર્ષીય ખેલાડીએ સોમવારે દિલ્હી અંડર-19 સામે તોફાની ઇનિંગ રમીને માત્ર 41 બોલમાં 85 રન બનાવ્યા હતા. તેની ઇનિંગમાં પાંચ છગ્ગા અને સાત ચોગ્ગાનો સમાવેશ થતો હતો. અન્વયની આક્રમક બેટિંગને કારણે, કર્ણાટકે 49 ઓવરમાં ચાર વિકેટે 418 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.

## ICC આચારસંહિતા ભંગ બદલ પોવેલ, રધરફોર્ડને ઠપકો

નવી દિલ્હી, તા. 12 : વેસ્ટ ઈન્ડિઝના ક્રિકેટર રોવમેન પોવેલ અને શેરફેન રરધરફોર્ડને શુક્રવારે રાંચીમાં રમાયેલી ભારત સામેની બીજી ટી-20 દરમિયાન આઇસીસીની આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ઠપકો આપવામાં આવ્યો છે. બંને ખેલાડીઓના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે.

## એશિયાડ પ્રદર્શનની સમીક્ષા બેઠક 15 ઓક્ટોબર સુધી મુલતવી

નવી દિલ્હી, તા. 12 : તાજેતરમાં પૂર્ણ થયેલી એશિયન ગેમ્સમાં ભારતના પ્રદર્શનની સમીક્ષા કરવા માટે રમત મંત્રાલયની રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન (એનએસએફ) સાથેની એક દિવસીય બેઠક બે દિવસ માટે મુલતવી રાખવામાં આવી છે અને હવે તે ૧૫ ઓક્ટોબરના રોજ યોજાશે. આ બેઠક પહેલા ૧૩ ઓક્ટોબરના રોજ યોજાવાની હતી, પરંતુ રમત મંત્રી મનસુખ માંડવિયા બ્રિક્સ પરંપરાગત અને સ્વદેશી રમત પ્રદર્શનમાં હાજરી આપવા માટે અમદાવાદમાં છે.

## અમેરિકન ઝડપી બોલર તારા નોરિસ મુંબઈ ઇન્ડિયન્સમાં જોડાઇ

નવી દિલ્હી, તા. 12 : અમેરિકન ડાબોડી ઝડપી બોલર તારા નોરિસ આગામી વર્ષે મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ)માં મુંબઇ ઇન્ડિયન્સ તરફથી રમશે. યુપી વોરિયર્સ સાથે સફળ ટ્રેડ બાદ તેને મુંબઈ ટીમમાં સામેલ કરવામાં આવી છે. નોરિસને 2026 સીઝન પહેલા વોરિયર્સે 10 લાખમાં કરારબદ્ધ કરી હતી.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | | ૭ | | ૮ |
| | ૪ | ૨ | | ૮ | | | ૬ | ૯ |
| ૮ | | ૭ | ૧ | ૩ | ૬ | ૪ | | ૫ |
| ૨ | | ૯ | | | | | | |
| ૪ | ૩ | | ૬ | ૯ | ૧ | ૨ | | ૭ |
| | | | | ૫ | | ૯ | | ૧ |
| | ૮ | ૬ | | ૪ | ૭ | | | ૨ |
| ૩ | | | ૮ | | ૯ | ૫ | | ૪ |
| | | ૪ | ૨ | | ૩ | ૮ | ૯ | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ગેસ - પેટનો ગોળો

લીંડી પીપર ચૂર્ણ વીસ ગ્રામ લઇ તેમા સિંધવ મીઠું વીસ ગ્રામ ભેળવી, બારીક ચૂર્ણ કરો. આકડાના ફૂલ તોડી લાવી તેના રવઈડા છુટા કરી ઉપરના ચૂર્ણ સાથે ખરલ કરો. લીલા વટાણા જેવડી ગોળીઓ વાળી સૂકવી ભરી લો. તેમાથી એક કે બે ગોળીઓ દિવસમા ત્રણ વાર ચાવી ઉપર પાણી પીવું.

## આજનું પંચાંગ

**તા. 13/10/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** સુદ: ત્રીજ:- 23:28
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-21
**યોગ :**પ્રીતિ **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** વિશાખા : 25:43
**રાશિ:** તુલા (ર,ત) : 19:14 પછી વૃશ્ચિક (ન.ય.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:35 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:15
**નવકારસી :** 07:23
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ :**1448 જમાદીઉલ અવલ માસનો પ્રથમ રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નોકરિયાતોને મદદ મળે. એકબીજાને મદદરૂપ બનવાથી કામનો બોજ ઓછો થાય. કુટુંબમાં તાલમેળ વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** કાર્યસ્થળ પર પ્રભાવ વધશે. શત્રુઓની પીછેહઠ થાય. રોમેન્ટીક મૂડ રહે. વિજાતિય મિત્રોથી સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** રીયલ એસ્ટેટ કે પ્રોપર્ટીના કામમાં લાભ થાય. પારિવારિકિ જીવનમાં તાલમેળ રહે. મિત્રો-સંબંધીઓનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** કોઇ મહત્ત્વના કામમાં વડીલોની મદદ લેવી વેપાર ઘંઘાના નિર્ણયમાં મિત્રો મદદરૂપ બને. નવી તક મળે.

**સિંહ (મ,ટ,):** ઉઘરાણી આવી શકે છે. દલાલી કે માર્કેટીંગના કામમાં મદદ મળે. કુટુંબજીવનમાં તાલમેળ રહેશે.

**કન્યા (પ,ઠ,ણ,):** આરોગ્ય બાબતે ચોક્કસ બનશો અચાનક કોઇને મળવાનું બને. વિદેશનાં કામમાં ગતિ આવે. પ્રવાસ થાય.

**તુલા (ર,ત,):** આવક વધશે. નોકરીમાં નવી તક મળે. વેપારમાં આવક વધે. મિત્રો સાથે વ્યાવસાયિક ચર્ચા સફળ બને.

**વૃશ્ચિક (ન,ય,):** કાર્યસ્થળ પર વિવાદથી બચવું નોકરીમાં નવી જવાબદારી વધે. વિજાતિય આકર્ષણ રહે. ખર્ચા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** તમારી બુદ્ધિક્ષમતાની કદર થાય. નવી જવાબદારીથી પ્રભાવ વધે. અટકેલા કામમાં ગતિ આવે. માનસિક અશાંતિ રહે.

**મકર (ખ,જ,):** ભાગ્યનો સાથ મળે. ધાર્મિક યાત્રા થાય. દેવ દર્શનથી શાંતિ મળે. આવક વધારવાની તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આધ્યાત્મિક ગૂઢ વિદ્યા અને દેવી ઉપાસકોને આંતરિક શાંતિ મળે. અચાનક નવી તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ધાર્મિક અનુષ્ઠાન થાય. ધાર્મિક મેળાવડામાં જવાનું બને. નોકરી-ધંધામાં સામાન્ય રહે.

## કોઈ પણ સાલમાં 13 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી જવાબદારીથી દોડ-ધામ વધશે. વેપાર-ધંધામાં હરીફો વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજજીવનમાં યશ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. છતાં મદદથી કામમાં ગતિ આવે. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. આરોગ્ય સુધરે ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહમાં મદદ મળે. સરકારી નોકરિયાતને નવી જવાબદારીથી રાહત થાય પ્રમોશન થાય. નવા ઘર, વાહન, મકાન, બાબતે શરૂઆતમાં સફળતા મળે. આધુનિક ટેકનોલોજી વેપાર-ધંધામાં મદદરૂપ બને. આવક વધારવાની યોજનામાં ચડતી પડતી રહે. વારસાનાં કામ, મદદ મળે. જમીન, જાયદાદમાંકાયદાકીય વિદેશના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. જૂન જુલાઈમાં રવિ-સોમ-બુધવારે, 04,13,22, 31 તારીખે નવા કામ કરવાં નીલા રંગનો ઉપયોગ વધારવો નવેમ્બર ડિસેમ્બરમાં શનિ-રવિવારે 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો.

## શબ્દગુંફન - ૭૨૬૮

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. ભક્ત તરીકે પ્રસિદ્ધ એક રાજા (૪)
૪. ઉત્સુકતા, તાલાવેલી (૩)
૭. વાડી, બગીચો (૩)
૯. નસ, રક્તવાહિની (૨)
૧૦. દયાવાળું (૪)
૧૧. જૈન સાધુ (૨)
૧૩. કૃપા (૩)
૧૫. હોડી, વહાણ (૨)
૧૬. સુરક્ષિત (૪)
૧૭. અંધારિયું, કૃષ્ણ પક્ષનું (૨)
૧૮. સોના-ચાંદીના તાર ખેંચવાનું ઓજાર (૪)
૨૧. તપસ્યા (૨)
૨૩. શરીર ગરમ રહેવાનો રોગ (૨)
૨૩. નુકસાન (૨)
૨૫. ડંફાસ (૩)
૨૬. બદલો, વટાવ (૪)
૨૮. સારું વર્તન (૨)
૨૯. તાકાત (૩)
૩૨. પર્વત (૨)
33. હેરાનગતિ (૪)

**ઊભીચાવી**

૧. ભાગ (૨)
૨. બૂમાબૂમ, હોકારા (૬)
3. કેડ, કમ્મર (૨)
૫. બીક (૨)
૬. ચાલવાનો અવાજ (૪)
૭. વાંદરુ, કપિ (૩)
૮. હંમેશ (૩)
૧૨. સાથે મળીને થતી વિચારણા (૪)
૧૪. માગશર ને પોષ મહિનાની ઋતુ (૩)
૧૫. અવાજ, ઘોષ (૨)
૧૭. મોટું (૨)
૧૮. એક ધાન્ય (૨)
૧૯. ફલદ્રુપ (૩)
૨૦. એક વાર (૨)
૨૨. નાસી જવું તે (૪)
૨૩. એક આખો દિવસ (૩)
૨૪. પરાજય (૨)
૨૬. પતિ (૨)
૨૭. ગાવાની ઢબ (૩)
30. એક પદાર્થ (૨)
૩૧. વાચા, બોલી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અં | બ | રી | ષ | | ક | | ત | ડ | પ |
| શ | | ડિ | | વા | ટિ | કા | | ર | ગ |
| | દ | યા | વા | ન | | ય | તિ | | ર |
| મ | | ર | | ર | હે | મ | | ના | વ |
| સ | લા | મ | ત | | મં | | વ | દ | |
| લ | | ણ | | જ | ત | ર | ડું | | શ |
| ત | પ | | તા | વ | | સા | | હા | નિ |
| | લા | ય | રી | | વ | ળ | ત | ર | |
| ન | ય | | ખ | મી | ર | | ર | | વા |
| | ન | ગ | | ણ | | પ | જ | વ | ણી |